# બ્રિટિશ લાયબ્રેરી વિશે માહિતી

## **અમે શું કરીએ છીએ?**

અમે શું કરીએ છીએ?

બ્રિટિશ લાયબ્રેરી યૂનાઇટેડ કિંગડમની રાષ્ટ્રીય લાયબ્રેરી છે. અમે 250 વર્ષોથી પુસ્તકો એકત્રિત કરી રહ્યા છીએ અને અમને બ્રિટન અને આયરલેન્ડમાં બધી પ્રકારની પ્રકાશિત સામગ્રીની એક નકલ આપવામાં આવે છે-એટલે તમે કહી શકો છો કે અમે રાષ્ટ્રની સ્મૃતિના એક મોટા ભાગનું ધ્યાન રાખીએ છીએ. અમે વિશ્વભરથી મહત્વની પુસ્તકોની ખરીદ પણ કરીએ છીએ અને અમારા સંગ્રહમાં મોટા ભાગની ભાષાઓ સામેલ છે.

બ્રિટિશ લાયબ્રેરી મુલાકાત લેવા માટે કમાલની જગ્યા છે. સેંટ પાંક્રાસ પર અમારું ભવ્ય કાર્યાલય એક ખરેખર કમાલની જગ્યા છે, જે અઠવાડિયામાં સાતો દિવસ ખુલ્લી છે. બધા લોકો અમારી દુકાન, રેસ્ટોરન્ટ અને કેફેમાં આવી શકે છે. અમે પ્રદર્શનીઓ, પ્રાસંગિક કાર્યક્રમ પણ કરીએ છીએ અને અમારા સંગ્રહની મૂળ બાબતોની એક ગેલેરીમાં દર રોજ મફતમાં જઇ શકાય છે. વધારે માહિતી માટે, જુઓ અમારું *પ્રદર્શનીઓ અને પ્રસંગો* ચોપાનિયું અથવા www.bl.uk/onlinegallery/whatson/whatson.html

અમે અમારા સંગ્રહનું ખાસ ધ્યાન રાખીએ છીએ જેમાં સામેલ છે મેગ્ના કાર્ટા, નેલ્સન મેન્ડેલાનું સુનાવણીના સમયેનું ભાષણ, લિયોનાર્ડો દા વિન્ચીની નોટબુકો અને બીટલ્સના હસ્તલિખિત દસ્તાવેજો. લોકો વિશ્વભરથી અમારી પ્રદર્શનીઓમાં ઐતિહાસિક દસ્તાવેજો અને સાહિત્યિક કૃતિઓ જોવા આવે છે અને અમારા વાચન ઓરડાઓમાં અમારા મહાન સંશોધન સંગ્રહોનું અધ્યયન કરવા આવે છે.

## લાયબ્રેરીને કોણ વાપરી શકે છે?

બધા લોકો લાયબ્રેરીમાં મુલાકાત લઇ શકે છે અને અમારી પ્રદર્શનીઓનો આનંદ લઇ શકે છે અને જાહેર પ્રસંગોમાં આવી શકે છે. પણ વાચન ઓરડાઓમાં સંગ્રહોને વાપરવા માટે, તમારે વાચક પાસ માટે રજિસ્ટર કરવું પડશે. કૃપા કરીને નોંધશો કે વાચન ઓરડાઓમાં પ્રવેશ અને પાસની અવધિ તમારી સંશોધનની જરૂરિયાતો પર નિર્ભર કરશે. અમારી સેવાઓ પર દબાણના કારણે અમે તમને પ્રવેશની ખાતરી આપી શકશું નહીં અને તમારી જરૂરિયાતને ધ્યાનમાં રાખતા તમને વાચક પાસ આપવામાં આવશે, જેથી તમે અમારા સંગ્રહમાં કોઇ વિશેષ સામગ્રીને વાપરી શકો. બીજી લાયબ્રેરીઓ અથવા સ્રોતો તમારા સંશોધન માટે યોગ્ય હોઇ શકે છે અને સ્ટાફ તમને તે રીતે સલાહ આપશે.

## પાસ માટે રજિસ્ટર કરવા પહેલા મારે શું ખબર હોવી જોઇએ?

બ્રિટિશ લાયબ્રેરી બીજી જાહેર અને યૂનિવર્સીટી લાયબ્રેરીઓથી જુદી છે:

- વાચન ઓરડાઓમાં ખુલ્લા શેલ્ફોમાં ફક્ત સામાન્ય રેફેરન્સ કૃતિઓ અને હાલના વિજ્ઞાન અને વ્યાપારના સંગ્રહો હાજર છે.
- મોટા ભાગની વસ્તુઓ જે લાયબ્રેરીના સંગ્રહમાં છે તેને સંગ્રહમાં રાખવામાં આવે છે. સંગ્રહના સ્થળથી ડિલિવરીમાં સમય લાગે છે જે સામાન્ય રીતે 70 મિનિટ (સાઇટ પર) અને 48+ કલાક (સાઇટની બાહર) જે એ વાત પર નિર્ભર કરે છે કે સંગ્રહને કઇ જગ્યા પર રાખવામાં આવ્યા છે.
- જે વસ્તુઓ સાઇટ પર રાખેલી છે, જો તેને તેજ દિવસે જોઇતી હોય, તો તેને માટે વિનંતી 16.00 ની પહેલા કરવી જરૂરી છે.
- વાચક પાસ માટે રજિસ્ટર કરવા પહેલા લાયબ્રેરીના ઑનલાઇન કેટેલોગને www.bl.uk શોધવાથી તમને ફાયદો થશે કે અમારી પાસે તમને જોઇતી સામગ્રી

છે; યાદ રાખશો કે તમને જે વસ્તુઓ જોવી હોય, તેમની વિગતો પોતાની સાથે લઇને આવશો.

- લાયબ્રેરીમાં સામાન્ય પુસ્તકોની એકથી વધારે નકલો નથી રહેતી અને તે યૂનિવર્સીટીના કોર્સના કાર્ય માટે યોગ્ય નથી.
- અમે સામાન્ય રીતે 18 વર્ષની આયુની નીચેના લોકોને પ્રવેશ નથી આપતા જ્યાં સુધી તેમને એવી વસ્તુઓ જોવાની ખાસ જરૂરત હોય, જે બીજી લાયબ્રેરીઓમાં ઉપલબ્ધ ન હોય. વધારે માહિતી માટે www.bl.uk જુઓ.
- આપ અમારી કોઇ પણ પુસ્તક વાંચનાલયની બાહર લઇને જઇ શકશો નહીં.

## વાચક પાસ માટે કઇ રીતે રજિસ્ટર કરવું

સેંટ પાંક્રાસમાં ઉપરના ગ્રાઉન્ડ ફ્લોરમાં વાચક રજિસ્ટ્રેશન કાઉન્ટર પર આવો અને પીસી-આધારિત અરજી ફૉર્મ ભરો. તમારી અરજીને ટેકો આપવા કોઇ પણ દસ્તાવેજ લઇને આવશો, દાખલા તરીકે, બિઝનેસ કાર્ડ, વ્યવસાયિક સભ્યતા કાર્ડ અથવા તમે જે વસ્તુઓ જોવા માંગો છો, તેની વિગતો.
તમારી પાસે તમારી ઓળખ પત્ર પણ હોવું જોઇએ જેમાં તમારી સહી અને તમારા ઘરના સરનામાંનો પુરાવો હોવો જોઇએ.
તમારો પાસ તમારી જરૂરિયોતો મુજબ એક મહિનાથી લઇને ત્રણ વર્ષ સુધી માન્ય રહેશે. વ્યક્તિગત સંશોધનકર્તાઓ માટે અમે સામાન્ય રીતે એક મહિનાથી વધારે અવધિનો પાસ નથી આપતા જ્યાં સુધી કોઇ ખાસ જરૂરિયાત ન હોય. વાચક પાસો લાયબ્રેરીની વપરાશની શરતોની મુતાબિક આપવામાં આવે છે; તમને એની નકલો વાચક રજિસ્ટ્રેશન અને અમારી વેબસાઇટથી મળી શકશે. તમને ખબર હોવી જોઇએ કે જો તમે અમારી વપરાશની શરતોનું પાલન કરશો નહીં, તો તમારા વાચક પાસને સસ્પેન્ડ કરી શકાય છે.

- **સરનામાંની જરૂરિયાતોનો પુરાવો અને ઓળખ**
  વાચક તરીકે રજિસ્ટર કરવા માટે અથવા તમારા વાચક પાસને ફરીથી નવું કરવા માટે અથવા એને બદલવા માટે, તમારે **બે** પ્રકારની ઓળખ દેખાડવી જોઇશે; એકમાં તમારી સહી અને બીજામાં તમારા ઘરનું સરનામું. અમે **મૂળ** દસ્તાવેજો જોઇશું અને ફોટોકોપીઓ, ફેક્સો, ઇંટરનેટ અથવા શાખાના પ્રિન્ટઆઉટોને સ્વીકારશું નહીં.)

કૃપા કરીને નોંધશો કે યૂટિલિટી બિલો, બેંક/બિલ્ડિંગ સોસાયટી સ્ટેટમેન્ટો, ક્રેડિટ કાર્ડ સ્ટેટમેન્ટો, એચએમ રેવેન્યુ અને કસ્ટમ્સ સ્ટેટમેન્ટો,સ્ટેટ પેન્શનબુક્સ, બેનિફિટ/ફેમિલિ ક્રેડિટ બુક્સ અથવા પેસ્લિપો **ત્રણ મહિનાથી જૂની હોવી જોઇએ નહીં.**

અમે બંને ઓળખ વિના વાચક પાસ આપી શકશું નહીં. – કોઇ પણ અપવાદ કરવામાં આવશે નહીં. અમારી ઓળખની જરૂરિયાતો બદલી શકશે અને જો તમને કોઇ સંદેહ હોય કે શું લાવવું, તો કૃપા કરીને સંપર્ક કરો reader-registration@bl.uk. ઓળખ આ પ્રકારની હોય છે:

| **ઘરની ઓળખનો પુરાવો**<br>**તમારી પાસે નીચે મુજબ જોઇશે જેમાં તમારું નામ અને સરનામું હોવું જોઇએ** | + | **તમારી ઓળખનો પુરાવો(જેમાં સહી સામેલ છે). તમારે નીચેમાંથી કોઇ એક દેખાડવું જોઇશે, જેમાં તમારી સહી હોવી જોઇએ:** |
|---|---|---|
| સગવડ બિલ (ગેસ, વિજળી, ફોન, પાણી)<br>બેંક/ભવન સોસાયટી સ્ટેટમેન્ટ (કોઇ પણ ઑનલાઇન/બેંક શાખા પ્રિન્ટઆઉટ નહીં)<br>ક્રેડિટ કાર્ડ સ્ટેટમેન્ટ<br>કાઉન્સિલ કર બિલ/ કાઉન્સિલ<br>કાઉન્સિલ ભાડાની પુસ્તક<br>એચએમ રેવેન્યુ અને કસ્ટમ્સ સ્ટેટમેન્ટ<br>સ્ટેટ પેન્શનબુક<br>બેનિફિટ/ફેમિલિ ક્રેડિટ બુક<br>પાસપોર્ટ (જ્યાં સરનામાને અધિકારિક રીતે આપનાર સત્તાએ દાખલ કરેલું છે)*<br>સરનામાની સાથે રાષ્ટ્રીય ઓળખ કાર્ડ *<br>સરનામાની સાથે ચાલક લાયસંસ * | | પાસપોર્ટ*<br>ચાલક લાયસંસ *<br>બેંક કાર્ડ<br>ક્રેડિટ કાર્ડ<br>રાષ્ટ્રીય ઓળખ કાર્ડ *<br>પોલીસ/ કસ્ટમ્સ/હોમ ઑફિસ/વૉરંટ કાર્ડ<br>સમુદ્રી/વાયુ માસ્ટર્સ લાયસંસ |

| | | |
|---|---|---|
| હૉમ ઑફિસની રહેવાની પર્મિટ<br>યૂનિવર્સીટીની હૉલ ઑફ રેસિડન્સની સર્ટિફિકેટ (સંસ્થા દ્વારા સ્ટેમ્પ અને સહી સાથે)<br>ટીવી લાયસંસ<br>બંદૂકનું લાયસંસ<br>ઘરના વીમાની પોલિસી<br>પે સ્લિપો (જ્યાં બંને માલિક અને કામગારના સરનામાઓ આપેલા છે) | | |

- આ દસ્તાવેજોને યા તો સરનામાના પુરાવા તરીકે **અથવા** ઓળખના પુરાવા તરીકે વાપરી શકાશે. તેમને બંને માટે વાપરી શકાશે નહીં. કૃપા કરીને નોંધશો કે કેટલાક ચાલક લાયસંસો અને રાષ્ટ્રીય કાર્ડો સરનામાને નથી દેખાડતા અને એટલે અમે આ દસ્તાવેજોને સ્વીકારી શકશું નહીં. કૃપા કરીને નોંધશો કે જ્યાં પણ જરૂર હોય, તો તમારે વિદેશી દસ્તાવેજોનો અધિકૃત અનુવાદ આપવો જોઇએ.

વાચક ઓરડાની જરૂરિયાતો:

કૃપા કરીને નોંધશો કે તમારે બ્રિટિશ લાયબ્રેરી વાચક ઓરડાઓના વપરાશની શરતોને સ્વીકારી પડશે. તમને એની નકલો વાચક રજિસ્ટ્રેશનથી અને વેબસાઇટ www.bl.uk પર મળશે

**વાચક રજિસ્ટ્રેશન કાર્યકારી સમય:**

| સોમ | મંગ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ | રવિ અને અંગ્રેજી જાહેર રજાઓ |
|---|---|---|---|---|---|---|
| 09.30 - 17.45 | 09.30 – 19.45 | 09.30 – 17.45 | 09.30 – 17.45 | 09.30 - 16.15 | 09.30 - 16.15 | **બંધ** |

ઑફિસ બંધ થવાની ઓછામાં ઓછા 15 મિનિટ પહેલા આવશો.

**સેંટ પાંક્રાસ વાચન ઓરડાઓનો કાર્યકારી સમય:**

વાચન ઓરડાઓ રવિવારો અને અંગ્રેજી જાહેર રજાઓના દિવસે બંધ રહે છે.

| | સોમ | મંગ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ | રવિ અને અંગ્રેજી જાહેર રજાઓ |
|---|---|---|---|---|---|---|---|
| બિઝનેસ અને આઇપી સેન્ટર, હ્યુમેનિટીસ, વિરલ પુસ્તકો અને સંગીત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન | 10.00 - 20.00 | 09.30 - 20.00 | 09.30 - 20.00 | 09.30 - 20.00 | 09.30 - 17.00 | 09.30 - 17.00 | **બંધ** |
| એશિયા અને આફ્રિકા અભ્યાસ, નક્શાઓ, હસ્તલેખિત દસ્તાવેજો | 10.00 - 17.00 | 09.30 - 17.00 | 09.30 - 17.00 | 09.30 - 17.00 | 09.30 - 17.00 | 09.30 - 17.00 | **બંધ** |

પ્રદર્શન ગેલેરીયો અને દુકાનનો કાર્યકારી સમય:

| સોમ | મંગ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ | રવિ અને અંગ્રેજી જાહેર રજાઓ |
|---|---|---|---|---|---|---|
| 09.30 | 09.30 | 09.30 | 09.30 | 09.30 | 09.30 | 11.00 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| -18.00 | -20.00 | -18.00 | -18.00 | - 18.00 | -17.00 | - 17.00 |

બધો સમય સ્થાનિક યૂકે સમય છે.

## અમને કેવી રીતે શોધવા

ટ્રેન — સૌથી નજીકના રેલ સ્ટેશનો છે સેંટ પાંક્રાસ ઇંટરનેશનલ અને યૂસ્ટન.
સૌથી નજીકના અંડરગ્રાઉન્ડ સ્ટેશનો છે કિંગ્સ ક્રોસ સેંટ પાંક્રાસ, યૂસ્ટન અને યૂસ્ટન સ્ક્વેયર.

બસ — **બસ રૂટો** 10, 30, 73, 91, 390 અને 476 ભવનની પાસેથી જાય છે.

કાર/મોટરબાઇક/સાયકલ
સૌથી નજીકના કાર પાર્ક છે માર્ચમોન્ટ સ્ટ્રીટ અને જડ્ડ સ્ટ્રીટ અને મીટર વાળી પાર્કિંગ ઉપલબ્ધ છે ઓસ્સુલ્ટન સ્ટ્રીટ. અમારા ફળિયામાં સાયકલો માટે કવર કરેલ જગ્યા નથી.

www.bl.uk
ફોન **+44 (0)870 444 1500**